અપીલ અરજી નં.૨૭૨ તા.૨–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧–૧૧–૧૦ ની અરજીથી ડીસ્ટીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે ગામ બમરોલીના સર્વે /બ્લોક નં.૮૬ કે જેનો ટી.પી.સ્કીમ નં.૭૨ ના એફ.પી. નં.૮૨એ, ૮૨બી ફાળવી આપેલ છે. આ ટી.પી. સ્કીમમાં કેટલા ટકા કપાત કરવાનો નિયમ છે? અમારી જમીનમાંથી કેટલા ટકા કપાત નકકી કરેલ છે? કપાત ઉપરાંત રીઝર્વેશન પણ મુકી શકાય? તેના ઉમેરો ખેડુતમાં ગણાય? તે બાબતેના આપના નોર્મ્સની/નિયમની તથા અમોએ કરેલ તા.૨૫–૬–૧૦ ના રોજની અરજી બાબતે આપે શું પગલા ભર્યા તેની તથા તમોએ અમો જે તે ખાતેદાર પર મોકલેલ નોટીસ વિગેરે અરજી જવાબ પંચનામા નોંધ શેરો વિગેરે આખા રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૨/૨૦૧૦–૧૧

શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧–૧૧–૧૦ ની અરજીથી ડીસ્ટીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે ગામ બમરોલીના સર્વે /બ્લોક નં.૮૬ કે જેનો ટી.પી.સ્કીમ નં.૭૨ ના એફ.પી. નં.૮૨એ, ૮૨બી ફાળવી આપેલ છે આ ટી.પી. સ્કીમમાં કેટલા ટકા કપાત કરવાનો નિયમ છે? અમારી જમીનમાંથી કેટલા ટકા કપાત નકકી કરેલ છે? કપાત ઉપરાંત રીઝર્વેશન પણ મુકી શકાય? તેની ઉમેરો ખેડુતમાં ગણાય? તે બાબતેના આપના નોર્મ્સની/નિયમની તથા અમોએ કરેલ તા.૨૫–૬–૧૦ ના રોજની અરજી બાબતે આપે શું પગલા ભર્યા તેની તથા તમોએ અમો જે તે ખાતેદાર પર મોકલેલ નોટીસ વિગેરે અરજી જવાબ પંચનામા નોંધ શેરો વિગેરે આખા રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબતેનિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૨ તા.૭–૧૨–૧૦ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારનેઅપીલ અરજીમાં ફી ની વિગત સહ આપની જાણ હેઠળ તબદીલીની વિગત હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૯૦ તા.૧૫–૧૨–૧૦ થી અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૭ તા.૨–૧૧–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૨૫–૬–૧૦ ની અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૬૬ તા.૨૫–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૧૨–૧૦ ના રોજ પૂરક વિગતોમાં ફી ભર્યાની રસીદ રજૂ કરેલ છે .

અરજદારની તા. ૧–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળ માહિતી માંગતી અરજી ડે.કમિ.(પીએન્ડડી)ને સંબોધતી સેન્ટ્રલઝોન મુગલીસરા ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૦૯૭ તા.૨–૧૧–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૬૬ તા.૨૫–૧૧–૧૦ થી " ડીસ્ટ્રકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે ગામ બમરોલીના સર્વે /બ્લોક નં.૮૬ કે જેનો સમાવેશ બમરોલી ટી.પી.સ્કીમ નં.૭૨ (બમરોલી) માં થાય છે. સદરહુ બ્લોક નં.૮૬ ને એફ પી. નં.૮૨/એ અને ૮૨/બી ફાળવેલ છે. ગુજરાત નગર રચના અને શહેર વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ ટીપી સ્કીમમાં ૫૦ ટકા સુધી કપાત કરવાનો નિયમ છે. બ્લોક નં.૮૬ ને ટીપી સ્કીમ નં.૭૨ બમરોલીમાં મુળ ખંડ નં.૮૨ ક્ષેત્રફળ ૨૮૩૨૮ ચો.મી. ફાળવેલ છે. જે મુળ ખંડમાંથી ૩૫ ટકા કપાત કરી અંતિમ ખંડ નં.૮૨/એ ક્ષેત્રફળ ૧૪૨૦૪ ચો.મી. તથા અંતિમ ખંડ ૮૨/બી ક્ષેત્રફળ ૪૨૦૯ ચો.મી. મળી કુલ ૧૮૪૧૩ ચો.મી. ની ફાળવણી કરેલ છે. કપાત કરેલ જમીનમાં સમુચિત સત્તા મંડળના જાહેર હેતુ માટેના રીઝર્વેશન મુકી શકાય. વધુમાં તા.૨૫–૬–૧૦ ની તમારી અરજીમાં જણાવેલ પાર્ટ પ્લાનની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં રૂા.૩૦/– ભરપાઈ કરી મેળવી શકશો. " તેવી માહિતી પૂરી પાડેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં પ્રતિભાવ મળ્યો ન હોવાથી નારાજ થઈ તા.૨–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૈકી નોર્મ્સ/નિયમની તથા અરજદારની તા.૨૫–૬–૧૦ ની અરજી અંગેની કાર્યવાહીના દફતરની નકલો સિવાયની માહિતી સમયગાળામાં પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ બાબત હેઠળના નોર્મ્સ/નિયમની તથા અરજદારની તા.૨૫–૬–૧૦ ની અરજી અંગે હાથ ધરેલ કાર્યવાહીને લગતા કાગળોની સહી સિકકાવાળી નકલોની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ને જણાવવામાં આવે છે. વધુમાં અરજદાર તેમની તા.૨૫–૬–૧૦ ની અરજીમાં જણાવેલ પાર્ટ પ્લાનની નકલ જાહેર માહિતી અધિકારીએ પત્રમાં નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .<br>
(૨) શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ